# રાજ્યમાં વધુ ૩૩૩ નવા કેસ : અમદાવાદમાં ૨૫૦ : ગાંધીનગરમાં ૧૮

## નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય ત્યારે ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતીક્ષા કેમ કરવી તે અમને શીખવ


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૫૩ | ૩ મે, ૨૦૨૦, રવિવાર; વૈશાખ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં દર કલાકે ૧૦૦ કેસની સરેરાશ

**કુલ પોઝિટિવ કેસો વધીને ૩૭ હજારને પાર : ૨૪ કલાકમાં રેકોર્ડ ૨૩૯૩ પોઝિટિવ કેસ : ૭૧ના મોત : દેશભરમાં કોરોનાથી ૧૨૧૮ લોકોએ જીવ ગુમાવ્યો, મહારાષ્ટ્રમાં સંક્રમિતોનો આંકડો ૧૧ હજારને પાર, સીઆરપીએફના વધુ ૬૮ જવાન પોઝિટિવ મળ્યા, પૂર્વ દિલ્હીની બટાલિયનમાં અત્યાર સુધી કુલ ૧૨૨ સંક્રમિત : દિલ્હીમાં એક જ બિલ્ડિંગમાં ૪૧ લોકો કોરોના પોઝીટીવ મળતા ખળભળાટ, શ્રમિક સ્પેશ્યલ ૬ ટ્રેન દોડાવાઈ, પંજાબમાં ફસાયેલા ૨૭૧ બ્રિટિશ નાગરિક લંડન જવા માટે રવાના, ૧૦ હજારથી વધુ લોકો સ્વસ્થ થયા**

ન્યુ દિલ્હી,તા.૨

સમગ્ર દુનિયામાં ભારે હાહાકાર મચાવનાર કોરોના મોત થયા છે. ભારતમાં કેસોની સંખ્યા છેલ્લાં ગણતરીના સમયમાં જ વધ્યા છે. જેના કારણે ઘણાં હજારને પાર થઈ ગયો છે અને બીજા ક્રમે ગુજરાતમાં ૪ હજારથી વધુ લોકો આ મહામારીમાં ર્ઙ્મદ્બૈ૧ૈહદ્ઘૈંર્.ખ્તિ વેબસાઈટ અને રાજ્ય સરકાર દ્વારા મળેલી માહિતી પ્રમાણે છે. ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨૨૯૩ નવા પૉઝિટીવ કેસ સામે આવ્યા છે. આ સાથે જ કોરોના વાયરસ ૭૧ લોકોનો જીવ લઈ ચૂક્યા છે.

દેશમાં કોરોના દર્દીઓની





વાઈરસથી ભારતમાં અત્યાર સુધી ૩૭,૨૬૨ લોકો સંક્રમિત થયા છે અને ૧,૨૨૩ લોકોના વિસ્તારો રેડઝોનમાં આવી ગયા છે. આ સાથે જ હવે મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧૧ સપડાયા છે. ત્રણ હજારથી વધુ કેસ સાથે રાજધાની દિલ્હી ત્રીજા નંબરે છે. આ આંકડા

શનિવારે આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે માહિતી આપીને જણાવ્યુ કે દેશમાં છેલ્લા વાયરસના દર્દીઓની સંખ્યા વધીને ૩૭૩૩૬ થઈ ગઈ છે. વળી, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંખ્યા વધીને ૩૭૩૩૬ થઈ છે ભારતમાં કોરોનાથી ૧૨૧૮

● અનુસંધાન પાન-૭ પર

## મધ્યપ્રદેશમાં રેડ ઝોનમાં તબીબ ડ્યુટી પર નહી આવે તો લાગુ પડશે એસ્મા

ભોપાલ,તા.૨

મધ્યપ્રદેશના ભોપાલ, ઈન્દોર અને ઉજ્જૈનનો રેડ ઝોનમાં સામેલ છે અને કોરોનાના કેસ સતત વધી રહ્યા છે ત્યારે આ વિસ્તારમાં દર્દીઓની સારવારમાં તબીબોની અછત ન રહે અને જરૂરી સારવાર તાત્કાલિક મળી રહે તે માટે મધ્યપ્રદેશ સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે.. જેમાં મધ્યપ્રદેશની તમામ મેડીકલ કોલેજમાં પોતાની ઈન્ટર્નશિપ પુરી કરી ચુકેલા ૨૦૪ જેટલા તબીબોને રેડ ઝોનમાં સમાવિષ્ઠ આ ત્રણેય શહેરોમાં મોકલવાનો નિર્ણય લીધો છે. જેમાં ૭૧ તબીબો ભોપાલમાં, ૮૭ ઈન્દોરમાં અને ૪૬ તબીબો ઉજ્જૈનમાં જશે.

જો આ તબીબો ફરજ પર જવા માટેનો ઈક્રાર કરશે તો સરકાર દ્વારા તેમની સામે એસ્મા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે ત્યાં સુધી ચેતવણી આપવામાં આવી છે. જુનિયર તબીબોને સરકાર આ માટે પ્રતિમાસ રૂ.૫૫ હજારનો પગાર પણ ચુકવશે.મધ્યપ્રદેશમાં અત્યાર સુધીમાં ૨૭૪૫ કેસ આવી ચુક્યા છે જેમાં ૬૪૪ દર્દીઓ સાજા થયા છે અને ૧૪૭ દર્દીઓના સારવાર દરમિયાન મરણ થયા છે. ઈન્દોરની સ્થિતિ સમગ્ર રાજ્યમાં ચિંતાનજક છે. જ્યાં કુલ ૧૫૧૩ પોઝીટીવ કેસ નોંધાયા છે અને કુલ ૭૨ લોકોના મરણ થયા છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૪૩૫૪૯૨ | ૨૪૧૪૮૧ | ૯૪૮૩૦૨ |
| ભારત | ૩૯૨૯૪ | ૧૩૧૮ | ૧૦૫૬૫ |
| ગુજરાત | ૫૦૫૪ | ૨૬૨ | ૮૯૬ |
| ગાંધીનગર | ૬૭ | ૦૩ | ૧૪ |

## વિશ્વમાં કોરોનાના કેસો ૩૪ લાખને પાર

**એક્ટિવ કેસોની સંખ્યા ૨૦૮૭૯૪૭ થઇ : દુનિયાભરમાં મૃતાંક વધીને ૨૩૯૮૯૨ : હાલત કફોડી**

નવી દિલ્હી,તા.૨

દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઈ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. કોરોના વાયરસે દુનિયાના ૨૧૦ દેશોને પોતાના સકંજામાં લઈ લીધા છે અને સમગ્ર વિશ્વમાં કેસોનો આંકડો વધી રહ્યો છે. વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૩૪૧૬૪૩૮ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૩૪ લાખથી પણ ઉપર થઈ ગયો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૦૮૮૫૯૯ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૦૮૭૯૪૭ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૨૩૯૮૯૨ ઉપર પહોંચી રહ્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૧૨૧૮ પર પહોંચી ચુકી છે. સુપર પાવર અમેરિકા અને સ્પેન તેમજ ઈટાલી જેવા દેશો કોરોનાની સામે જંગ હારતા દેખાઈ રહ્યા છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. સાથે સાથે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૧૨૧૮ રહેલી છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે મોતના આંકડાના મામલામાં અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે.

## છેલ્લે... છેલ્લે...

- રાજ્યમાં ૯૬૦૭ શ્રમિકોને પોતાના વતન જવા પરવાનગી અપાઈ છે.
- લોકપાલ સભ્ય નિવૃત્ત ન્યાયમૂર્તિ એ.કે. ત્રિપાઠીને કોરોના પોઝિટિવ.
- કર્ણાટક સરકાર દ્વારા બેંગ્લોર ગ્રામ્યને રેડઝોનમાંથી ઓરેન્જ ઝોનમાં મુકવા રજૂઆત કરી હતી જેમાં છેલ્લા પાંચ દિવસથી એકપણ કેસ સારવાર હેઠળ નથી.
- પુનામાં ભારે વરસાદ અને તોફાની પવન આવતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.
- સ્કૂલ યુનિફોર્મની સાથે હવે માસ્ક પણ ફરજિયાત કરવા વિચારણા સાથે સાથે સ્કૂલ–કોલેજે દર મહિને આખું બિલ્ડિંગ સેનિટાઈઝ કરવું ફરજિયાત
- દેશમાં સૌથી વધુ કોરોના કેસ ધરાવતા રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૨૨૯૬ |
| ગુજરાત | ૫૦૫૪ |
| દિલ્હી | ૩૭૩૮ |
| મધ્યપ્રદેશ | ૨૭૮૮ |
| રાજસ્થાન | ૨૭૭૨ |
| તામીલનાડુ | ૨૭૫૭ |
| ઉત્તરપ્રદેશ | ૨૪૮૭ |

## ઉરી સેક્ટરમાં પાકિસ્તાનનું ફાયરિંગ બે જવાન શહિદ, ૪ નાગરિક ઘાયલ

શ્રીનગર,તા.૨

જમ્મુ કાશ્મીરના ઉરી સેક્ટરમાં પાકિસ્તાને કરેલા ફાયરીંગમાં ૨ સૈનિક શહીદ થયા છે. શુક્રવારે પાકિસ્તાને બારામૂલા જિલ્લાના ઉરી સેક્ટરમાં કારણ વિના ફાયરીંગ કર્યુ હતુ.

ભારતીય સૈનિકોએ પાકિસ્તાનની આ હરકતનો જડબાતોડ જવાબ આપ્યો, પરંતુ પાક. ફાયરીંગમાં ચાર સૈનિક ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. તેમને તાત્કાલિક જ નજીકના મિલિટ્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે શુક્રવારે મોડી સાંજે સારવાર દરમિયાન બે સૈનિકોએ જીવ ગુમાવ્યો. આ સૈનિકોની ઓળખ થઈ ગઈ છે. જેમાં એક હવાલદાર ગોકર્ણ સિંહ છે જ્યારે બીજા નાયક શંકર એસ પી. હોસ્પિટલમાં જે બે સૈનિકોની સારવાર ચાલી રહી છે તેમના નામ હવાલદાર નારાયણ સિંહ અને નાયક પ્રદીપ ભટ્ટ છે. સેનાના પ્રવક્તા કર્નલ રાજેશ કાલિયાએ કહ્યુ કે શુક્રવારે બપોરે લગભગ ૩.૩૦ વાગે ન્ઞ્ઝ નજીક રામપુર સેક્ટરમાં પાકિસ્તાને વિના કારણ ફાયરિંગ શરૂ કરી દીધી. આ દરમિયાન ત્રણ સૈનિક ઈજાગ્રસ્ત થઈ ગયા. અગાઉ પાકિસ્તાને કરેલા ફાયરીંગમાં ચાર લોકો ઘાયલ થયા હતા. પોલીસનું કહેવુ છે કે નાગરિક વિસ્તારોમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવેલી ફાયરિંગથી લોકો દહેશતમાં આવી ગયા છે. પાકિસ્તાન તરફથી થયેલી ફાયરિંગમાં ચરૂડા, બટગ્રાન, હથલંગા, મોથલ, સહુરા, સિલિકોટ, બાલાકોટ, નામ્બલા અને ગરકોટ જેવા ગામ ચપેટમાં આવી ગયા હતા.

## મહારાષ્ટ્રમાં ૨૪ કલાકમાં ૧૧૫ પોલીસકર્મી કોરોના પોઝિટિવ

મુંબઈ,તા.૨

દેશમાં મહારરાષ્ટ્ર રાજ્ય કોરોના વાયરસથી સૌથી વધારે પ્રભાવિત છે. ત્યારે મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૫ પોલીસકર્મીનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તે સાથે જ મહારાષ્ટ્રમાં કોરોના પોઝિટિવ પોલીસકર્મીઓની સંખ્યા વધીને ૩૪૨ પર પહોંચી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, દેશમાં કોરોનાના સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે.

## આજકાલમાં બીજા આર્થિક પેકેજની જાહેરાતની સંભાવના

**સરકારે સ્ટીમ્યુલસ પેકેજ માટેની તૈયારી હાથ ધરી : કોરોના કહેર વચ્ચે આર્થિક રીતે નીચા વર્ગના લોકો માટે ૧.૭ લાખ કરોડના પેકેજની જાહેરાત અગાઉ કરાઈ હતી**

નવી દિલ્હી, તા. ૨

કોરોના વાયરસ રોગચાળાને લીધે લોકડાઉનથી પ્રભાવિત અર્થતંત્રને પુનર્જીવિત કરવા માટે બીજો સ્ટીમ્યુલસ પેકેજ લાવવાની તૈયારી શરૂ થઈ ગઈ છે. આ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહ પ્રધાન અમિત શાહ, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને નાણાં મંત્રાલયના ઘણા અધિકારીઓ સાથે ઘણી બેઠકો કરી છે. સૂત્રોએ આ માહિતી આપી છે. સુત્રોના જણાવ્યા અનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમિત શાહ, નિર્મલા સીતારમણ સાથે બેઠક યોજી છે અને માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (નાણામંત્રાલય) અને નાણાં મંત્રાલયના અધિકારીઓ સાથે બેઠક યોજાશે. નાણામંત્રાલય આજે સાંજે દેશના અર્થતંત્રને પુનર્જીવિત કરવા માટે વડા પ્રધાનને તેની યોજનાઓની વિસ્તૃત રજૂઆત તેમજ સંપૂર્ણ માહિતી આપશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે નાગરિક ઉડ્ડયન, શ્રમ અને વીજળી મંત્રાલય સહિત વિવિધ મંત્રાલયો સાથે બેઠક યોજી છે. વહેલી તકે અર્થવ્યવસ્થાને

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં કોઈ છૂટછાટ નહીં

ન્યુ દિલ્હી,તા.૨

લોકડાઉનના ત્રીજા તબક્કામાં દેશને ત્રણ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. રેડ ઝોન,ઓરેન્જ અને ગ્રીન. ઝોનના હિસાબે લોકડાઉનમાં રાહત આપવામાં આવશે. રાજધાની દિલ્હીને રેડ ઝોનમાં રાખવામાં આવી છે. એટલે અહીં ૪ મેથી ૧૭ મે દરમિયાન કોઈપણ વિસ્તારમાં છૂટ નહી આપવામાં આવે. કારણ કે જિલ્લાના આધાર પર વિસ્તારને વહેંચવામાં આવ્યા છે. દિલ્હી સરકારે જાણકારી આપતા કહ્યું કે દિલ્હીના તમામ જિલ્લા ૧૭ મે સુધી રેડ ઝોનમાં રહેશે.

## મરકઝના બેન્ક ખાતાઓમાં નાણાં વિદેશથી આવતા હતા

**મૌલાના સાદ તેમજ તેના પુત્રો સહિત મરકઝના ૧૧ બેંક ખાતાઓ સહિત ૧૨૫ શંકાસ્પદ બેંક ખાતા અંગે ખુલાસો**

નવી દિલ્હી, તા. ૨

ગુનાની શાખાના રડાર ઉપર મૌલાના સાદ અને તેના પુત્રો સહિત મરકજના ૧૧ બેંક ખાતાઓ સહિત ૧૨૫ શંકાસ્પદ બેંક ખાતા આવ્યા છે. તપાસ દરમિયાન એજન્સીઓને ખબર પડી કે તેણે તેણીને જમા કરાવી હતી, જેમના બેંક ખાતામાં જાન્યુઆરીથી માર્ચ મહિનામાં ઘણા પૈસા હતા. બાદમાં આ નાણાં બીજા બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ક્રાઈમ બ્રાંચે આ રીતે ૧૨૫ બેંક ખાતાઓની સૂચિ બનાવી છે. જેમાં વિદેશથી કેટલીક થાપણો છે. ૨૦૪૧ ની આસપાસ જમાતી મરકઝ સાથે સંકળાયેલ છે. ક્રાઈમ બ્રાંચને શંકા છે કે, આટલા મોટા બેંક ખાતા દ્વારા વિદેશી દેશોમાંથી પ્રાપ્ત થતી વિદેશી ચલણને હવાલા દ્વારા ભારતીય ચલણમાં ફેરવીને નાની માત્રામાં ફેરવવામાં આવશે, જેથી કોઈને પણ બેંક માર્ગદર્શિકા મુજબ કોઈ શંકા રહેશે નહીં. તે પછી તે પૈસા ક્યાંક બીજા ખાતામાં

● અનુસંધાન પાન-૭ પર

## ૨૦ દિવસ બાદ જાહેરમાં દેખાયા કિમ જોંગ : ફર્ટિલાઈઝર ફેક્ટરીનું ઉદ્ઘાટન કર્યુ

પ્યોંગયોંગ,તા.૨

બીમારીની અટકળો વચ્ચે તાનાશાહ કિમ જોંગ ઉનને લઈ મોટા સમાચાર, ૨૦ દિન બાદ નજરે પડ્યો



ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગના સ્વાસ્થ્યને લઈને થઈ રહેલી અટકળો વચ્ચે શુક્રવારે તે સાર્વજનિક રીતે સામે આવ્યા. ઉત્તર કોરિયાની સરકારી ન્યૂઝ એજનસીએ આ વાતની જાણકારી આપતા કહ્યું કે કિમ ૨૦ દિવસ બાદ નજરે પડ્યા છે.

એક ન્યુઝ એજન્સી મુજબ કિમ જોંગ ઉને સુનચિઓનમાં એક ફર્ટિલાઈજર ફેક્ટરી બનીને તૈયાર થવાના અવસર પર આયોજીત સમારોહમાં ભાગ લીધો આ જગ્યા રાજધાની પ્યોંગયાંગની નજીક છે. આ દરમિયાન કિમની બહેન કિમ યો જોંગ પણ હાજર રહી. જોકે, આ સમારોહની તસવીરો હાલ સાર્વજનિક થઈ નથી.